એલ.પી.એ. નં.૧૪૪/૨૦૨૩ ઈન સ્પે.સી.એ.નં.૨૬૯૩૮/૨૦૦૬ અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં ફરજ બજાવતા પીટીશનરશ્રીઓના વેતનમાં સુધારા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંકઃ SJED/GHS/e-file/17/2022/2232/K

સચિવાલય, ગાંધીનગર.

તા.  /૦૮/૨૦૨૪

**વંચાણે લીધાઃ-**

(૧) એસ.સી.એ.નં.૨૬૯૩૮/૨૦૦૬ અન્વયે નામ.ગુજરાત હાઈકોર્ટનો તા.૨૯/૦૭/૨૦૨૨નો ચુકાદો

(૨) એલ.પી.એ. નં.૧૪૪/૨૦૨૩ અન્વયે નામ.ગુજરાત હાઈકોર્ટનો તા.૦૮/૦૪/૨૦૨૪નો ચુકાદો

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૭/૨૦૨૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૯/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/છતલ/કોર્ટકેસ/૨૦૨૪-૨૫/૧૧૫

**સુધારા ઠરાવ:**

નામ.ગુજરાત હાઈકોર્ટ ખાતે દાખલ થયેલ એલ.પી.એ. નં.૧૪૪/૨૦૨૩ ઈન સ્પે.સી.એ. નં.૨૬૯૩૮/૨૦૦૬, ગુજરાત રાજ્ય વિરૂધ્ધ ગુજરાત રાજ્ય પછાતવર્ગ છાત્રાલય કર્મચારી મહામંડળ કેસ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી નામ.ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા આપવામાં આવેલ તા.૦૮/૦૪/૨૦૨૪ના ચુકાદાનો સ્વીકાર કરી, તે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના સરખા ક્રમાંકના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં ફરજ બજાવતા પીટીશનરશ્રીઓને ચુકાદા મુજબ લાભ આપવા માટે જરૂરી ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો.

સદરહુ ઠરાવમાં દર્શાવવામાં આવેલ બજેટ સદર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ પૂરતું સિમિત હોઈ વંચાણે લીધેલ ક્રમાંક(૪) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત મુજબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો માટેનો ખર્ચ નીચે પ્રમાણે ઉધારવાનું આથી ઠરાવવામાં આવે છે.

( ૧) માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫- અનુ.જાતિ/ અનુ.આદિજાતિ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩- પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૧૧ ઓબીસી-૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટેની છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન

( ૨) માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫- અનુ.જાતિ/ અનુ.આદિજાતિ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦-સામાન્ય, ગૌણ સદર: ૧૦૧-વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ પેટા સદર: (૦૩) ડીએનટી- ૩ -છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન

વિભાગના તા.૧૬/૦૭/૨૦૨૪ના સરખા ક્રમાંકનાં મુળ ઠરાવની અન્ય જોગવાઈઓ તથા શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેઓના નામે

( ધર્મિષ્ઠા વસાવા )

ઉપસચિવ

Signature Not Verified
Signed by:Dharmishtha Vasava
Under Secretary
Date: 2024.08.03 12:11:18 +05:30

File No: SJED/GHS/e-file/17/2022/2232/K Section
Approved By: Deputy Secretary,K Section,SJED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ રવાના:-</u>**

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સામાન્ય વહીવટ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(નિયામકશ્રી(અ.જા.ક./વિ.જા.ક.)મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪